### મહારાષ્ટ્રમાં સોના પર વેટ વધતા એડવાન્ટેજ ગુજરાત

# ગુજરાત કરતાં મહારાષ્ટ્રમાં સોનું કિલોએ રૂ. 6,000 મોંઘું બન્યું

બીરજુ શાહ. અમદાવાદ

ગુજરાતના કીમતી ધાતુ એટલે કે સોનું, ચાંદી, અન્ય કીમતી ધાતુ, હીરા અને ઝવેરાતના વેપારીઓ માટે સારા સમાચાર છે. મહારાષ્ટ્ર સરકારે હાલમાં બજેટમાં આ પ્રોડક્ટ ઉપરની વેટ એક ટકાથી વધારીને 1.10 ટકા કરતાં તેનો લાભ પાડોશી રાજ્યના વેપારીઓ ખાસ કરીને ગુજરાતના વેપારીઓને મળશે. આમ પણ મહારાષ્ટ્રમાં ઓક્ટ્રોય વધુ રહેતાં કેટલોક વેપાર ગુજરાતમાં ખેંચાઈ ગયો હતો તેમાં હવે વધુ 10થી 15 ટકાનો વધારો થવાનો અંદાજ મૂકવામાં આવે છે. મુંબઈમાં વિદેશથી ઊતરતી સોના- ચાંદીની આયાત પણ હવે અમદાવાદ એરપોર્ટ તરફ વળી જવાની સંભાવના છે.

દેશભરમાં કીમતી ધાતુઓ ઉપર એક ટકો વેટ છે. પરંતુ મહારાષ્ટ્ર સરકારે હાલમાં જ જાહેર કરેલા બજેટમાં તેના પરના વેટને 0.10 ટકા વધાર્યો હતો. આને કારણે કિલોએ સોનામાં અમદાવાદ અને મુંબઈ વચ્ચે રૂ. 6,000નો ફરક પડશે એમ મુંબઈસ્થિત ટોચના બુલિયન ડીલર રિદ્ધિ સિદ્ધિ બુલિયનના પૃથ્વીરાજ કોઠારીનું જણાવવું હતું. હાલ આમ પણ દેશમાં સોના-ચાંદીનો વેપાર અત્યંત મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યો છે. કેન્દ્ર સરકારે પણ આયાત ડ્યૂટી વધારવાની સાથે તેના વેચાણના ધોરણોને કડક બનાવ્યા છે. આવી પરિસ્થિતિ વચ્ચે મહારાષ્ટ્ર સરકારે વેટમાં વધારો કરતાં બુલિયનનો વેપાર વધુ મોંઘો બનશે અને તે પાડોશી રાજ્ય ખાસ કરીને ગુજરાતમાં વળી જશે. મુંબઈનો દેશની કુલ સોનાની આયાતમાંથી 25 ટકાનો હિસ્સો છે. આ આયાત પણ હવે અન્ય રાજ્યમાં સીધી થવાની સંભાવના મૂકવામાં આવે છે. મુંબઈમાંથી થતી કુલ આયાતમાંથી 15થી 20 ટકા આયાત અન્ય સ્થળે જશે. વધુમાં મુંબઈમાં મોટા બુલિયન ડીલરો પણ પાડોશી રાજ્યમાં તેમની ઓફિસ ખોલીને વેપાર કરવા વળશે.

## ગુજરાતના વેપારને 15 ટકા લાભ થશે

**ગુજરાતને** આનો સૌથી વધુ લાભ મળશે એમ જણાવીને અગ્રણી બુલિયન એનાલિસ્ટ ગિરીશ ચોકસીનું કહેવું હતું કે સ્થાનિક લોકલ ઘરાકી કરતાં મોટા પાયે સોનાનો વેપાર કરનારાને આનો લાભ મળશે. મહારાષ્ટ્રના મોટા વેપારીઓ ગુજરાતમાં ઓફિસ ખોલીને અહીંથી વેપાર કરવા તરફ વળશે. બેન્કો પણ સોનાની આયાત મુંબઈ કરતાં અમદાવાદથી મંગાવવાનું શરૂ કરશે.

## અમદાવાદ એરપોર્ટ પર આયાત

**જાન્યુઆરી** 2013માં

**33.59** ટન સોનાની આયાત

**101.57** ટન ચાંદીની આયાત

**એપ્રિલ-** જાન્યુઆરીમાં

**160** ટન સોનાની આયાત

**377** ટન સોનાની આયાત

## મુંબઈના કન્સાનઈમેન્ટ અમદાવાદમાં ઊતરશે

- મુંબઈમાં ઓક્ટ્રોય વધુ રહેતાં આમ પણ અમદાવાદ એરપોર્ટ ઉપર વધુ કીમતી ધાતુની આયાત થતી હતી. મુંબઈમાં ચાર-પાંચ કન્સાઇનમેન્ટ ઊતરતા હતા તે પણ હવે અમદાવાદ તરફ વળી જશે. હીરાના વેપારીઓ પણ હવે અમદાવાદ રૂટથી વેપાર વધારે તેવું જોવા મળે.

**સમીર માંકડ,** એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, જીએસઇસી લિ.